ગાંધીનગર સમાચાર

# સેક્ટરે-સેક્ટરે રથયાત્રાનું ભવ્ય સ્વાગત








હાથી, ઘોડા, પાલખી... જય રણછોડ - માખણ ચોરના જયઘોષ સાથે મોટી સંખ્યામાં ભાવિકો શહેરના પરંપરાગત માર્ગો પર ભગવાન જગન્નાથજીના રથ સાથે જોડાયા હતા... અખાડાના ખેલાડીઓએ અવનવા કરતબો કરી દર્શનાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા હતા... વહેલી સવારે પ્રસ્થાન સમયે પંચદેવ મંદિરના ટ્રસ્ટીઓ અમિતભાઈ શાહ તથા મેયર પ્રવીણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર, ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ સહિત શહેરના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો... પરંપરાગત માર્ગ પર પ્રતિવર્ષ કરતા આ વર્ષે દર્શનાર્થીઓની સંખ્યા વધુ હતી... રજાના કારણે સવારથી જ ઠેર ઠેર ભાવિકો ઉમટ્યા હતા... દરેક સેક્ટરમાં ભગવાન જગન્નાથજીના રથનું તથા પૂજ્ય ફુલશંકર શાસ્ત્રીજીનું ભાવપૂર્વક સ્વાગત કરાતું હતું...



## બુઝુર્ગ સુશીલાબેન કરતાલ વગાડતા પગપાળા રથયાત્રામાં જોડાયા હતા

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં આજે ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. રથયાત્રામાં નાના મોટા સૌ કોઈ યાત્રિકો નજરે પડયા હતા. વાહનોની સાથે મોટી સંખ્યામાં ભાવિકો પગપાળા પણ યાત્રામાં જોડાયા હતા. જયારે સે-૧૨ માં રહેતા સુશિલાબેન પુર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે કરતાલ વગાડતા જય રણછોડના નાદ સાથે યાત્રામાં જોડાયા હતા. મનમાં શ્રધ્ધાનુ ભાથુ બાંધી અનોખા આત્મ વિશ્વાસ સાથે યાત્રામાં જોડાયેલા સુશિલાબેનના મતે ૭૮ વર્ષની ઉંમરે ભગવાન હિમંત આપે છે. પગમાં જોમ પુરાય છે. અને રથાયાત્રામાં પગપાળા જોડાવાની ઈચ્છા થાય છે. ગાંધીનગરની રથયાત્રામાં ભજન મંડળની બહેનો ભાવપૂર્વક જોડાય છે... રાધા ભજનમંડળ સહિત અસંખ્ય મહિલાઓ સમગ્ર યાત્રાના માર્ગ પર ભજનના ગુંજારવથી વાતાવરણને પવિત્ર બનાવે છે...

## પ્રથમ વખત કલેક્ટર દ્વારા રથયાત્રાનું સ્વાગત

### જીલ્લા કલેક્ટરે સેક્ટર-૮માં રથયાત્રાનું સ્વાગત કર્યું

ગાંધીનગર શહેરમાં ૧૯૮૫થી રથયાત્રા નીકળે છે. ૩૧ વર્ષમાં કદાચ એક પણ વાર જિલ્લા કલેક્ટર દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યુ નથી. તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં નિયુક્ત થનાર ગાંધીનગર કલેક્ટર સતીષ પટેલે આ મ્હેણુ ભાંગી દીધુ છે. પ્રશાસનને સાથે રાખીને જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે સેક્ટર-૮માં આવીને રથયાત્રાનું ભાવભર્યુ સ્વાગત કરી રણછોડરાયજીના દર્શન કર્યા હતા. સાથે પ્રાંત અધિકારી રાકેશભાઈ વ્યાસ અને મામલતદાર એ. કે. જોષી પણ કલેક્ટર સાથે જોડાયા હતા. કલેક્ટરશ્રી સતીષભાઈ પટેલે સેક્ટર-૮ના પ્રવેશદ્વારે ભગવાન જગન્નાથજીનું પૂજન અર્ચન કર્યુ હતું. આમ સમગ્ર વહીવટી તંત્ર લોકોત્સવમાં જોડાતા આયોજકોમાં ઉત્સાહની લાગણી પ્રવર્તી હતી. તો બીજી તરફ સે. ૧૦ પોલીસ ભવન ખાતે રાજ્યના પોલીસ વડા પરંપરાગત ઓફિસમાંથી બહાર આવીને રથયાત્રાનું સ્વાગત કરે છે. પરંતુ નવનિયુક્ત ઈન્ચાર્જ ડીજીપી પી.પી. પાન્ડેય અમદાવાદ હોવાથી સ્વાગત કરી ન શકતા આ પરંપરા તુટી હતી.

## સેક્ટરે-સેક્ટરે રથયાત્રાનું ભવ્ય સ્વાગત

- સે. ૨૨ શોપીંગ સેન્ટરમાં વેપારી આગેવાન અશોક શ્રોફ, દશરથ પટેલ, પ્રભાત દેસાઈ, રમેશ ચૌધરી અને પશાભાઈ પટેલ સહિતના આગેવાનોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.



- સે. ૧૭ શોપીંગ સેન્ટરમાં રજુજી ગોલ, રમેશભાઈ વાળંદ, સમીર પંડિત સહિતના વેપારીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું.
- સે. ૧૬ નાગરીક બેંક પાસે હોટલના વેપારીઓ તેમજ રાકેશ જાની દ્વારા યાત્રીકો માટે પાણીના પાઉચની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- સે. ૧૬ શોપીંગ સેન્ટરમાં ડૉ. ચેતના બુચ, કડી કેમ્પસના વીણાબેન પટેલ ઉપરાંત વેપારી અગ્રણી જયેન્દ્રભાઈ અને પ્રવિણભાઈએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સે. ૬માં ભુવનેશ્વર મંદિર સામે બિપિનસિંહ ચાવડા અને પ્રણવ વાળા દ્વારા ભાવિકો માટે ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી.



- સે. ૧૨માં ભાવિકો માટે ૪૦૦૦ છાશના પાઉચ, પાણીની બોટલ પાંચ મણ જાંબુ-કાકડીના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- ઘ-૨ પાસે રીક્ષા ચાલક મિત્ર મંડળ દ્વારા છાશ અને ૨૦૦૦ ડીશ પૌંવાનું વિતરણ કરાયું હતું.
- સે. ૧૬ શોપીંગ સેન્ટરમાં ભગવાનના રથના પૈંડાને હવા પુરવામાં આવી હતી.
- રથયાત્રા નિયત સમય કરતા મોડી નીકળી અને રૂટમાં બે વાર થોંભાતા ભાવિકોએ દર્શન માટે લાંબા સમય સુધી રાહ જોવી પડી હતી.
- સે. ૬ ભુવનેશ્વર મંદિર પાસે સ્થાનિક કોર્પોરેટર કિરણ જોષી, કશ્યપ મહેતા અને નગરના અગ્રણી અરૂણ બુચે સ્વાગત કર્યુ હતુ.



- સે. ૬ યુવક મંડળના દિપક પટેલ, ભીમદેવસિંહ ગોહિલ અને યોગેસ પટેલ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે. ૭માં લાયોનેસ પ્રમુખ દેવલ જોષી, લીયો ક્લબના પ્રમુખ કથન ત્રિવેદી, જય સિંઘાણી, વૈશાલી જોષી દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- ઘ-૨ પાસે વોર્ડ નં. ૬ અને વોર્ડ નં. ૮ના નગરસેવકો ઉપરાંત કોંગ્રેસના અગ્રણી મુકેશ પટેલ, પાયલ મેણાત, અજીત પરમાર, પીંકી પટેલ અને ઈશ્વર દેસાઈએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.
- સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે વિસામાના સમય દરમિયાન અશ્વોએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. ડી.જે.ના તાલે ડાન્સ કરતા અશ્વોને નિહાળવા મોટી સંખ્યામાં ભક્તો એકઠા થયા હતા અને ફોટોગ્રાફી તેમજ વિડિયોગ્રાફિ કરતા નજરે પડ્યા હતા.
- જલારામ ધામથી બપોરે ૩.૩૦ કલાકે રથયાત્રા નીકળી હતી.
- સેક્ટર-૨૯ મહાકાળી મંદિર ખાતે રથયાત્રામાં જોડાયેલ ભક્તો માટે શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું.



- સેક્ટર-૨૮ ગાર્ડન પાસે હુશેની કમિટીના પ્રમુખ દરીયાખાન સિપાહી, આગેવાન આઝાદભાઈ મનસુરી, ભુરાભાઈ મનસુરી, યુસુફભાઈ મનસુરી, અનવરખાન સિન્ધી, મહંમદભાઈ મેમણ દ્વારા શાસ્ત્રીજીનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોમી એખલાસનું વાતાવરણ સર્જાયું હતું.
- સે. ૨૮ એકતા મિત્ર મંડળ દ્વારા ભક્તોને પ્રસાદ, પાણી અને કેન્ડીનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ અને કોર્પોરેટર નિતીન પટેલ તેમજ સામાજીક આગેવાન જીલુભા ધાંધલ હાજર રહ્યા હતા.
- કોલવડાનગર સે. ૨૮ ચીપટાઈપ શોપીંગ સેન્ટર મિત્ર મંડળ દ્વારા શરબત, પ્રસાદનું વિતરણ કરાયું હતું.



- સે. ૨૮ સમર્પણ શાળા પાસે વસાહતીઓ દ્વારા કેન્ડીનું વિતરણ.
- વરીયા પ્રજાપતિ સમાજ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. જ્યારે ભક્તો માટે શરબતનું વિતરણ કરાયું હતું.
- સે. ૨૭, એસ.આર.પી.ના સભ્યો દ્વારા છાશનું વિતરણ.
- ડી.એસ.પી. કચેરી ખાતે પોલીસ ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં ભગવાન જગન્નાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



- સે. ૨૭ શિવશક્તિ સોસાયટી અને શોપીંગ સેન્ટરના વેપારીઓ દ્વારા કેળાનું વિતરણ.
- સે. ૨૭ જ્યોતિષ દીદી દ્વારા શરબતનું વિતરણ.
- સે. ૨૭ બાલમુકુંદ સેવા સમિતિ દ્વારા ચા નું વિતરણ કરાયું.
- સે. ૨૪ સ્વામી વિવેકાનંદ શાળાના દસ વિદ્યાર્થીઓએ કૃષ્ણ ભગવાન તેમજ ૧૦ વિદ્યાર્થીનીઓ રાધાજીની વેશભૂષામાં નજરે પડી હતી.
- સે. ૨૪ પીળાપટ્ટા વસાહતીઓએ ભક્તોને શરબત પીરસ્યો.
- મેયર પ્રવીણ પટેલે નાના ભુલકાઓ સાથે બેસીને જલારામ ધામ ખાતે ભોજન પ્રસાદ લીધો હતો.
- સે. ૨૪ શ્રીનગર એકતા કોલોની ખાતે ભક્તોએ રસનાનો સ્વાદ માણ્યો હતો.
- સે. ૨૪ ઈન્દીરાનગર મિત્રમંડળ દ્વારા મહાપ્રસાદ ભક્તોને આપવામાં આવ્યો હતો. જ્યારે ભક્તો પણ મહાપ્રસાદ આરોગીને ધન્યતા અનુભવી હતી.
- સે. ૨૪ ઈન્દીરાનગર મંગળદાસ ગુલાબદાસ પટ્ટણી દ્વારા શરબત અને પ્રસાદનું વિતરણ.

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com